ક્રમાંક:કડ૫/બીલ–૨૦૨૩–૨૪/૨૦૨૩/૫૩૮૪-૫૬૫૨
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં. : ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તારીખ:– ૦૧/૦૪/૨૦૨૩.

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
તમામ બિન સરકારી અનુદાનિત કોલેજો.
ગુજરાત રાજ્ય.

વિષય:– નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૪ થી આ કચેરીમાં ચૂકવણા માટે રજૂ થતા તમામ બીલો નિયત બીલ રજીસ્ટરમાં નોધ કરીને જ રજૂ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, રાજયની અનુદાનિત કોલેજોના માન્ય સ્ટાફના પગાર ભથ્થાની ચૂકવણી/નિયમન આ કચેરીની સીધા પગાર શાખા મારફતે શિ.વિ.ના તા.૨૩/૦૭/૮૧ના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૫૮૦/૧૭૦૦૯(૮૧)ખની જોગવાઈ મુજબ તા.૦૧/૦૯/૧૯૮૧ થી દર માસે કોલેજના ડેટાના આધારે કરવામાં આવે છે.

અનુદાનિત કોલેજોને પગાર બીલ કે અન્ય પ્રકારના બીલો તૈયાર કરવા સબધિત સૂચનાઓ/માહિતી આ અગાઉ વખતો વખત અલગ અલગ પરીપત્રોથી આ કચેરી દવારા આપવામાં આવેલ છે. જે અન્વયે કોલેજો દવારા દર મહિને તેમની કોલેજના માન્ય સ્ટાફના પગારબીલ, વિવિધ ભથ્થાનો તફાવત બીલો કે અન્ય પ્રકારના તમામ બીલો કોલેજ દવારા નિભાવવામાં આવતા બીલ રજીસ્ટર તેમજ એબીસી રજીસ્ટર વિગેરેમાં નોધ કરીને જ આ કચેરી ખાતે ચૂકવણા માટે મોકલવાના થાય તેમ છે. ઘણી કોલેજો દવારા આ પ્રકારના રજીસ્ટરો તેમની કોલેજ ખાતે નિભાવવામાં પણ આવે છે. આમ છતાં અમૂક કોલેજો દવારા બીલોની એક કરતાં વધારે કોપીઓ / ઝેરોક્ષ નકલો કોલેજના રજીસ્ટરમાં નોધ કર્યા સિવાય આ કચેરી ખાતે રજૂ થયાના કિસ્સાઓ તાજેતરમાં માલુમ પડેલ છે જેના કારણે એકજ બીલની રકમ ડબલ ચૂકવણીના કિસ્સાઓ બનવા સંભવ છે. જે નાણાકીય નિયમોની જોગવાઈઓ મુજબ સુસંગત નથી.

આમ, ભવિષ્યમાં આવા કિસ્સાઓ ન બનવા પામે તે માટે નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૦૨૪ થી એટલે કે તા.૦૧/૦૪/૨૦૨૩ થી કોલેજો દવારા આ કચેરીમાં ચૂકવણા માટે રજૂ થતા તમામ બીલો કોલેજ દવારા નિભાવવામાં આવતા નિયત બીલ રજીસ્ટરમાં તેમજ એબીસી રજીસ્ટરમાં જરૂરી નોધ કરીને જ બીલો રજૂ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. હવે પછી તમામ કોલેજોએ આ સાથે સામેલ નમૂના મુજબનું બીલ રજીસ્ટર તેમની કોલેજ ખાતે અચૂક નિભાવવુ અને સામેલ યાદી મુજબના ક્રમ–૧ થી ૧૫ પ્રકારના વિવિધ બીલો આ કચેરી ખાતે ચૂકવણા માટે રજુ કરતા પહેલાં બીલ રજીસ્ટરમાં નોધ કરીને જ રજૂ કરવાના રહેશે.

તા.૦૧/૦૪/૨૦૨૩ થી ચૂકવણા માટે રજૂ થતા તમામ પ્રકારના બીલોના ફોરવર્ડીંગ પત્ર સાથે બીલ રજીસ્ટરના કોલમ–(૧) થી (૫) ની વિગતો કોલેજના લેટર પેડમાં સામેલ નમૂનાના પ્રમાણપત્રમાં દર્શાવીને જ બીલ રજૂ કરવા આથી જણાવવામાં આવે છે. હવે પછી બીલ રજીસ્ટરમાં નોધ કર્યા સિવાયના બીલો આ કચેરીખાતે સ્વીકારવામાં આવશે નહી તેની પણ સ્પષ્ટ નોધ લેવા વિનંતી.

બિડાણ:– બીલ રજીસ્ટરનો નમૂનો/પ્રમાણપત્ર
પાન-૧થી૩

આપનો વિશ્વાસું

૧/૪/૨૦૨૩

નાયબ નિયામક
(ડી પી શાહ)
ગુ.રા., ગાંધીનગર

## સીધા પગાર શાખા ખાતે કોલેજો દવારા રજૂ થતા બીલોની યાદી

(૧) માસિક રેગ્યુલર પગાર બીલ.
(૨) મોઘવારી તફાવત બીલ.
(૩) પગાર તફાવત બીલ.
(૪) ઈજાફા તફાવત બીલ.
(૫) એચ.આર.એ. તફાવત બીલ
(૬) ઉ.પ.ધો. તફાવત બીલ.
(૭) સી.એ.એસ. તફાવત બીલ.
(૮) આર.ઓ.પી. તફાવત/એરીયર્સ હપ્તા બીલ.
(૯) પૂરા પગાર ધોરણ તફાવત બીલ.
(૧૦) એલ.ટી.સી.બીલ.
(૧૧) બોનસ બીલ.
(૧૨) રજા રોકડનું બીલ
(૧૩ રજા રોકડનું તફાવત બીલ.
(૧૪) બદલી/બઢતી પગાર તફાવત બીલ.
(૧૫) અન્ય તફાવત બીલ.

(2)

લેટર પેડ

કોલેજનું નામઃ–.........................................................

## –:પ્રમાણપત્ર:–

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,અત્રેની કોલેજ દવારા ડી.પી.શાખાને માહેઃ–...............માં રજૂ કરવામાં આવેલ બીલઃ–(૧)માસિક રેગ્યુલર પગાર બીલ (૨)મોઘવારી તફાવત બીલ (૩)પગાર તફાવત બીલ (૪)ઈજાફા તફાવત બીલ (૫)એચ.આર.એ.તફાવત બીલ(૬)ઉ.પ.ઘો.તફાવત બીલ (૭)સી.એ.એસ.તફાવત બીલ (૮)આર.ઓ.પી.તફાવત/એરીયર્સ હપ્તા બીલ (૯)પૂરા પગાર ઘોરણ તફાવત બીલ (૧૦)એલ.ટી.સી.બીલ(૧૧)બોનસ બીલ(૧૨)રજા રોકડનું બીલ (૧૩)રજા રોકડનું તફાવત બીલ (૧૪)બદલી/બઢતી પગાર તફાવત બીલ(૧૫)અન્ય તફાવત બીલ.

(ક્રમ–૧ થી ૧૫ પૈકી માત્ર લાગુ પડતા જે તે બીલની વિગતો જ પ્રમાણપત્રમાં દર્શાવવી) કોલેજ દવારા નિભાવવામાં આવતા બીલ રજીસ્ટરમાં નીચેની વિગતે નોધવામાં આવેલ છે જેની આથી ખાત્રી આપવામાં આવેલ છે.આ અગાઉ આ બીલની રકમનો દાવો આકારવામાં આવેલ નથી.

(૧) બીલ નંબરઃ–.................. તા....................

(૨) બીલની વિગતઃ–

(૩) કુલ એકદર રકમઃ–.............કપાતઃ–..........ચોખ્ખી રકમઃ–.............

(૪) બીલમાં સહી કરનાર આચાર્યશ્રીનું નામઃ–

(૫) ડી.પી.શાખામાં બીલ રજૂ કર્યાના જાવક નંબરઃ–............તારીખઃ–.............

સ્થળઃ–

તારીખઃ–

આચાર્યશ્રીની સહી/સિકકો

પ્રતિ
નાયબ નિયામકશ્રી
ડીપી શાખા,ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોક–૧૨/૨,
ગુ.રા.,ગાંધીનગર.

## -:બીલ રજીસ્ટર:-

કોલેજનું નામ:-.......................................નાણાકીય વર્ષ:-........

કોલેજના આચાર્યશ્રીનું નામ:-..............................આચાર્ય તરીકેનો હવાલો સંભાળ્યાની તા:- .............. થી તા............

| બીલ નંબર/ તારીખ | બીલની વિગત (જેમનુ બીલ આકારેલ છે તે કર્મ.નું નામ/ વિગત | બીલની રકમ. | | | કોલેજ દવારા બીલ ડી.પી. શાખાને રજુ કર્યાના જાવક નંબર/ તારીખ | ડી.પી. શાખાએ બીલ મજુર કર્યાની તારીખ/ માસ | ડી.પી.શાખાએ મંજુર કરેલ રકમ | | | કોલેજના રોકડ મેળ/ કેશ બુકમાં નોધ કર્યાની તારીખ/ પેજ નંબર | કોલેજમાં રોકડ મેળ/ કેશ બુકનો હવાલો સંભાળતા કર્મચારીનું સહી | કોલજના આચાર્યની સહી/ તારીખ | વિશેષ નોધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ એકદર રકમ | કપાત | ચોખ્ખી રકમ | | | કુલ એકદર રકમ | કપાત | ચોખ્ખી રકમ | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |



(૩)